Gujarati

# IDNYC અરજી

14 વર્ષ કે તેથી વધુ વયના અરજદાર માટે

મારો IDNYC નંબર આ છે: ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

કૃપા કરીને સ્પષ્ટ દેખાય તે રીતે મુદ્રણ કરો

## અરજીનો પ્રકાર - એક પસંદ કરો

**નવી અરજી:** ☐ પ્રથમ IDNYC અરજી. ☐ કાર્ડ 6 મહિના કરતા વધું સમય પહેલા સમાપ્ત થઈ ગયું છે.

☐ **રિન્યૂઅલ** (કાર્ડ 60 દિવસની અંદર સમાપ્ત થઈ જશે અથવા 6 મહિના કરતા ઓછા સમય પહેલા સમાપ્ત થઈ ગયું છે.)

☐ **ફરી અરજી કરવી:** (મને ક્યારેય કોઈ કાર્ડ પ્રાપ્ત થયું નથી અને ફરી અરજી કરવી જરૂરી છે.)

☐ **કાર્ડ અપડેટ કરો: મને મારા કાર્ડ વિશે અપડેટ માહિતીની જરૂર છે.** (નોંધણી કેન્દ્ર પર જૂનું IDNYC કાર્ડ લાવવું જરૂરી છે.)

☐ **કાર્ડ બદલો: ખોવાઈ ગયું છે/ચોરાઈ ગયું છે/ક્ષતિગ્રસ્ત થયેલ છે/નષ્ટ થયેલ છે** (બદલી માટે ફી $10 છે, સિવાય કે અરજદારે હાર્ડશિપ જતી કરવા માટે સહી ન કરી હોય. તમે આ અરજી સબમિટ કરતા પહેલાં ઑનલાઇન ચુકવી શકો છો. રૂબરૂ મળીને ચૂકવણી કરવા માટે, IDNYC ડિપાર્ટમેન્ટ ઑફ ફાઇનાન્સ એનરોલમેન્ટ સેન્ટર પર તમારે તમારી અરજી સબમિટ કરવી જરૂરી છે. વધુ વિગતો માટે, www.nyc.gov/idnyc ની મુલાકાત લો.)

## અરજદાર વિશેની માહિતી

☐ સંભાળ રાખનાર વ્યક્તિ સાથે અરજી કરતા હોવ તો અહીં તપાસો

**1. પ્રથમ/આપેલ નામ(મો):** ________________

**2. મધ્ય નામ અથવા આદ્યાક્ષર:** ________________

**3. અટક:** ________________

**4. જન્મ તારીખ:** મ મ / દિ દિ / વ વ વ વ

**5. આંખનો રંગ:** કથ્થઈ ☐ બદામી રંગ ☐ કાળો ☐ વાદળી ☐ લીલો ☐ રાખોડી ☐ વિવિધ-રંગ ☐

**6. ઊંચાઈ:** ☐ ફુટ ☐☐ ઇંચ

**7. લિંગ:** સ્ત્રી ☐ પુરુષ ☐ X (સ્ત્રી અથવા પુરુષ નથી) ☐ નિયુક્ત કરેલ નથી ☐

**8. ઇમેઇલ:** ________________

તમારા ઇમેઇલ/ફોનનો ઉપયોગ માત્ર આંતરિક બાબતો માટે જ કરવામાં આવશે

**9. ફોન:** ☐☐☐ - ☐☐☐ - ☐☐☐☐

**10.** 2 સુધીની ભાષા પસંદગી (ASL સહિત) : ________________

**11. દળમાં સેવા આપી ચૂકેલ વ્યક્તિ:** ☐ જો તમે અમેરિકન લશ્કરી દળ (U.S. Armed Forces), નેશનલ ગાર્ડ (National Guard), અથવા અનામત (Reserves), દળમાં સેવા આપી ચૂકેલા પીઢ વ્યક્તિ હો અને કાર્ડની આગળ "વેટરન" એવું પ્રિન્ટ કરાવવા માંગતા હો તો અહીં ચોકડી કરો.

**12. ડોનેટ લાઈફ રજીસ્ટ્રી (Donate Life Registry):** ન્યૂયોર્ક સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ (NYS DOH) ની ડોનેટ લાઈફ રજીસ્ટ્રીમાં દાખલ થવા માટે "હા"ના ખાના પર નિશાન કરો અને તમારા નામની સહી કરો. તમે પ્રમાણિત કરો છો કે તમે 16 વર્ષ કે તેથી વધુ ઉંમરના છો; પ્રત્યારોપણ, સંશોધન અથવા બંને માટે તમારા બધા અંગો અને કોશિકાઓનું દાન કરવા માટે સંમતિ આપો છો; સિટી ઑફ ન્યૂયોર્કને તમારું નામ અને ઓળખપાત્ર માહિતી NYS DOH માં પ્રવેશ માટે રવાના કરવા માટે મંજૂરી આપો છો; અને સમવાય રીતે નિયંત્રિત અંગ દાન સંગઠનો અને NYS નો પરવાનો ધરાવતી કોશિકા અને આઇ બેંક અને હોસ્પિટલોને તમારા મૃત્યુ વખતે આ માહિતીની પહોંચને માન્ય કરવા NYS DOH ને સત્તા આપો છો. તમારા કાર્ડની આગળના ભાગ પર "અંગદાતા" પ્રિન્ટ કરવામાં આવશે. લાયક હોવા માટે તમારા કાર્ડમાં સરનામું હોવું જરૂરી છે. તમે NYS DOH તરફથી પુષ્ટિ પત્ર અને વધારાનું પુષ્ટિકરણ મેળવશો જે તમારા દાનને મર્યાદિત કરવાની તક પૂરી પાડશે.

શું તમારી ઉંમર 16 વર્ષ અથવા તેનાથી વધુ છે અને ડોનેટ લાઇફ રજિસ્ટ્રીમાં મારું નામ ઉમેરવા માંગો છો? હા: ☐ મ મ / દિ દિ / વ વ વ વ

દાતાની સંમતિ માટે સહી: ________________

## સરનામું

**13. નંબર અને સ્ટ્રીટ:** ________________ Apt. # / Fl. / Ste. / Unit / Rm.

શહેર: ________________ રાજ્ય: N Y ઝિપ કોડ: ☐☐☐☐☐

બૉરો (✓એક તપાસો): BRONX ☐ BROOKLYN ☐ MANHATTAN ☐ QUEENS ☐ STATEN ISLAND ☐

**14. કાર્ડ પર તાકીદનો સંપર્ક નિયુક્ત કરો: (વૈકલ્પિક)**

________________ પ્રથમ નામ ________________ અટક

ફોન: ☐☐☐ - ☐☐☐ - ☐☐☐☐

## પ્રમાણીકરણ

**15. અરજદાર અને સંભાળ રાખનાર વ્યક્તિનું પ્રમાણીકરણ (જો લાગુ પડતું હોય):** હું ખાતરી આપું છું કે અરજદાર ન્યૂયોર્ક સિટીમાં રહે છે અને સબમિટ કરેલા બધા દસ્તાવેજો અને અરજી પર લખેલા વિધાનો મારી શ્રેષ્ઠ સમજ મુજબ સાચા છે. હું પ્રમાણિત કરું છું કે આ અરજી પર સહી કરીને હું મેં સબમિટ કરેલી માહિતી ચકાસવા અથવા તેની પુષ્ટિ કરવા માટે ન્યૂયોર્ક સિટી દ્વારા હાથ ધરવામાં આવતી તપાસ સાથે સંમત થાઉં છું. હું સમજું છું કે આ તપાસમાં લોક સહાયતા માહિતી સહિત, **NYC** ડિપાર્ટમેન્ટ ઑફ સોસિઅલ સર્વિસિસ અથવા અને સિટી એજન્સીઓ પરની મારા વિશેની અમુક માહિતીની **IDNYC** દ્વારા ઍક્સેસ સામેલ હોઈ શકે છે પણ આટલું નથી.

________________ અરજદારની સહી

________________ સંભાળ રાખનારની સહી (જો લાગુ પડતુ હોય)

મ મ / દિ દિ / વ વ વ વ **આજની તારીખ**

**અરજીની મંજૂરી સબમિટ કરેલા દસ્તાવેજોની પર્યાપ્તતા અને નિયમિતતા પર આધારિત છે.**

| OFFICIAL USE ONLY | Date: | ☐ C/O: ________________ NAME OF CARE-OF ORGANIZATION | ☐ Omit Address |
|---|---|---|---|
| | Print Initials: | | |

# IDNYC અરજી માટેની સૂચનાઓ

## IDNYC કાર્ડ માટે અરજી કરવા તમારે નીચે આપેલ માપદંડની પૂર્તિ કરવી જરૂરી છે:

1. દસ્તાવેજના ઓછામાં ઓછા 4 પૉઇન્ટ જેમાં ઓળખ સાબિત કરતા ઓછામાં ઓછા 3 પૉઇન્ટ અને રહેઠાણ સાબિત કરતો ઓછામાં ઓછો 1 પૉઇન્ટ સામેલ છે.
2. સબમિટ કરેલ દસ્તાવેજનો ઓછામાં ઓછો 1 પૉઇન્ટ ઓળખ ધરાવતો હોવો જોઈએ, સિવાય કે અરજદાર સંભાળ રાખનાર વ્યક્તિ સાથે આવ્યો ન હોય.
3. સબમિટ કરેલ ઓછામાં ઓછા 1 દસ્તાવેજમાં જન્મ તારીખ હોવી જોઈએ.

IDNYC દસ્તાવેજ ગાઇડમાં વિશેષરૂપે દર્શાવેલ ન હોય ત્યાં સુધી સમયસીમા સમાપ્ત થયેલ દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં.
ફક્ત મૂળ દસ્તાવેજો અને જારી કરનારા એજન્સી દ્વારા પ્રમાણિત નકલો જ સમર્થિત છે; લેમિનેટ કરેલ દસ્તાવેજોને તે મૂળરૂપે લેમિનેટ કરવામાં આવ્યા હતા તે સ્થિતિમાં જારી કરવામાં આવે તો સ્વીકાર્ય છે.

## નામની સુસંગતતા

તમારા બધા દસ્તાવેજો પરના નામો એક બીજા સાથે મળતા આવવા જોઈએ. તમારા IDNYC અરજદારનું નામ ઓળખના દસ્તાવેજના સૌથી વધુ મહત્વપૂર્ણ પુરાવા પર હોય તે સમાન હોવું જોઈએ (જેમ કે તમારો પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ, જન્મનું પ્રમાણપત્ર, કાઉન્સેલર ID વગેરે) સિવાય કે તમે અદાલતનો આદેશ, લગ્નનું પ્રમાણપત્ર અથવા સરકાર દ્વારા જારી બીજો દસ્તાવેજ કે જે કાયદેસર નામ ફેરફાર સિદ્ધ કરતો હોય તે રજૂ ન કરો. અરજદાર ઓળખ માટે બે દસ્તાવેજો રજૂ કરે અને તે બન્નેના પોઇન્ટનું મૂલ્ય સમાન સંખ્યામાં આવે છે એવા કિસ્સામાં, IDNYC અરજી પર ફોટો સાથેના દસ્તાવેજમાં છે તે નામ દેખાવું જોઈએ.

## ફોટો ઓળખ અથવા રહેઠાણના પુરાવા વિનાના 14-21 વર્ષની ઉંમરના અરજદારો

ફોટો ઓળખ અથવા નિવાસના પુરાવા વિના 14-21 વર્ષની ઉંમરના અરજદાર જો તેમની સાથે સંભાળ રાખનાર વ્યક્તિને લાવે કે જે અરજદાર સાથેના સંબંધનો પુરાવો દર્શાવી શકે તેઓ અરજી કરી શકે છે. એક યોગ્ય સંભાળ રાખનાર લોકોમાં જન્મ આપનાર માતા-પિતા, દત્તક લેનાર માતા-પિતા, સાવકા માતા-પિતા, કાનૂની પાલક, કાનૂની સંરક્ષક, ફોસ્ટર કેર પાલક, NYC એડમિનિસ્ટ્રેશન ફોર ચિલ્ડ્રન સર્વિસિસ (ACS) ના અધિકૃત કર્મચારી અથવા ACS ફોસ્ટર કેર એજન્સી અથવા સગીરના વરિષ્ઠ પ્રાયોજક, આરોગ્ય અને માનવ સેવાઓ માટે યુ.એસ. વિભાગ (U.S Department of Health and Human Services), ઑફિસ ઑફ રિફ્યુજી રીસેટલમેંટ શામેલ છે.

## ફોટો ઓળખ અથવા રહેઠાણના પુરાવા વિનાના વિકલાંગ અરજદારો

ઉંમરને ધ્યાનમાં લીધા વિના, વિકલાંગ અરજદાર કે જેની ફોટો ઓળખ અથવા સરનામાનો પુરાવો ખૂટે છે તેઓ જો અરજદાર સાથેના સંબંધનો પુરાવો દર્શાવી શકે તેવી સંભાળ રાખનાર વ્યક્તિની સાથે આવ્યા હોય તો તેઓ અરજી કરી શકે છે. કોઈપણ ઉંમરના અરજદારો માટે પાત્ર સંભાળ રાખનારમાં આનો સમાવેશ થાય છે: OPWDD, NYS OMH, NYS DOH અથવા NYC DOHMH દ્વારા સંચાલિત, પ્રમાણિત, લાઇસન્સ પ્રાપ્ત અથવા ફંડ પ્રાપ્ત **રેસિડેન્સિયલ કેર ફેસિલિટીના કર્મચારીઓ** સહિત, NY સ્ટેટ ઑફિસ ફોર પીપલ વીથ ડેવલપમેન્ટ ડિસેબિલિટી (OPWDD), NYS ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ (NYS DOH), ન્યૂ યોર્ક સ્ટેટ ઑફિસ ઑફ મેન્ટલ હેલ્થ (NYS OMH), NYC ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ એન્ડ મેન્ટલ હાઇજિન (NYC DOHMH), ACS, નિયુક્ત ACS ફોસ્ટર કેર એજન્સીના **અધિકૃત કર્મચારીઓ** અથવા OPWDD, NYS DOH અથવા NYC DOHMH પ્રદાતા; અરજદારની સાથે રહેનાર જેને OPWDD દ્વારા વિકાસાત્મક વિકલાંગતા ધરાવતી વ્યક્તિ હોવાનો નિર્ણય કરવામાં આવેલ હોય; અથવા અરજદારનો નાણા પ્રાપ્ત કરનાર સામાજિક સુરક્ષા પ્રતિનિધિ.

## સંભાળ રાખનાર વ્યક્તિ સાથે અરજી કરનાર બધા અરજદાર

સંભાળ રાખનાર વ્યક્તિ સાથે અરજી કરનાર અરજદારે ઓળખ સાબિત કરતા હોય એવા ઓછામાં દસ્તાવેજના 2 પૉઇન્ટ પ્રદાન કરવા જરૂરી છે. અરજદાર અને સંભાળ રાખનાર વ્યક્તિએ IDNYC દસ્તાવેજ ગાઇડના સંભાળ રાખાનરા વિભાગમાં સૂચિબદ્ધ મુજબ સંભાળ રાખનાર સાથે સંબંધનો પુરાવો પણ પ્રદાન કરવો જરૂરી છે. સંભાળ રાખનાર વ્યક્તિએ ફોટો અળખ સહિત, દસ્તાવેજના ઓછામાં 3 એવા પોઇન્ટ પ્રદાન કરવા જરૂરી છે કે જે તેમની ઓળખ સાબિત કરતા હોય. જો અરજદાર પાસે નિવાસના પુરાવાનો દસ્તાવેજ ન હોય અને સંભાળ રાખનાર સાથે રહેતા હોય, તો સંભાળ રાખનાર વ્યક્તિ IDNYC દસ્તાવેજ સંબંધિત ગાઇડમાં સૂચિબદ્ધ નિવાસના પૂરવામાંથી કોઈ એક પૂરાવાનો ઉપયોગ કરીને તેનો પોતાના નિવાસનો પૂરાવો આપી શકે છે અને પ્રમાણપત્ર પ્રદાન કરી શકે છે કે અરજદાર સંભાળ રાખનાર સાથે રહે છે. સંભાળ રાખનાર બધી વ્યક્તિએ IDNYC અરજી પર સહી કરવી જરૂરી છે. સંભાળ રાખનાર વ્યક્તિ તરીકેની સેવા બજાવનારા કર્મચારીઓએ તેમનું કર્મચારી ID રજૂ કરવું જરૂરી છે.

## બેઘર હોય અથવા ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોય એવા અરજદાર માટે રહેઠાણ

શેલ્ટર હોમમાં રહેતા હોય એવા અરજદાર શેલ્ટરના સરનામા સાથે તે જણાવતો પત્ર પ્રદાન કરી શકે છે કે તેમણે ઓછામાં ઓછા 15 દિવસ માટે તેમને રહેવાની સગવડ આપી છે અને તે કે શેલ્ટર ઓછામાં ઓછા 30 દિવસ માટે નિવાસ પર રહેવાની મંજૂરી આપે છે. કાર્ડ પર શેલ્ટરનું સરનામું દેખાઈ શકે છે. અરજદાર કે જેના ઘરના સરનામાનો અભાવ છે અથવા ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે તેણે ન્યૂ યોર્ક સિટીમાં નિવાસ કરતા હોવાનું સિદ્ધ કરવું જરૂરી છે, પણ એક બિનલાભાર્થી સંસ્થા અથવા ધાર્મિક સંસ્થા નિયુક્ત કરી શકે છે કે જેનું સરનામું અરજદારના ઉર્ફે સરનામા તરીકે કાર્ડ પર દેખાશે; અથવા કાર્ડમાંથી સરનામું કાઢી નાખો. IDNYC કાર્ડ કે જેના પર સરનામું દેખાતું ન હોય અથવા જેના પર ઉર્ફે સરનામું હોય, તેને અમુક પરિસ્થિતિઓમાં સ્વીકારી શકાય છે.

અરજદાર કે જેઓ પુરાવો આપે કે તેઓ NYS એડ્સ કોન્ફિડન્સિયલી પ્રોગ્રામના ભાગ છે અથવા ઘરેલુ હિંસનો ભોગ બનવા બદલ NYC શેલ્ટરમાં રહે છે તેમણે પણ એ સાબિત કરવું જરૂરી છે કે તેઓ ન્યૂયોર્ક સિટીમાં રહે છે. તેમના IDNYC કાર્ડ પર પો.ઓ. બોક્સ દેખાય શકે છે અથવા બિલકુલ સરનામું આપેલું ન હોઈ શકે.

## વેટરનનો હોદ્દો

જો તમારી લશ્કરી સેવાનો પુરાવો મેળવવામાં તમને મદદની જરૂર હોય તો સેવાનિવૃત્ત સૈનિકોની સેવાઓનો NYC વિભાગ (NYC Department of Veterans' Services). www.nyc.gov/veterans પર તેનો ઑનલાઇન અથવા 311 પર ફોન કરીને સંપર્ક કરી શકો છો.

## IDNYC કાર્ડ નવીકરણ

IDNYC કાર્ડ, કાર્ડની સમાપ્તિના 60 દિવસ પહેલાં નવીકરણ શરૂ થવા સુધી માન્ય છે. નવીકરણનો સમયગાળો કાર્ડની સમાપ્તિના 60 દિવસ પહેલા શરૂ થાય છે અને 6 મહિના પછી સમાપ્ત થાય છે. સમાપ્તિના 6 મહિનાથી વધુ સમય પછી કાર્ડની માંગણી કરનાર વ્યક્તિને નવા અરજદાર તરીકે ગણવામાં આવશે. કાર્ડ નવીકરણની સહાય માટે કૃપા કરીને IDNYC એનરોલમેન્ટ સેન્ટરની મુલાકાત લો.

## બદલી કાર્ડ

ખોવાયેલ, ચોરાયેલ અથવા ક્ષતિગ્રસ્ત કાર્ડ બદલવાની અરજી માટે $10 શુલ્ક છે, સિવાય કે હાર્ડશિપ જતી કરવા માટે સહી ન કરી હોય. નાણાકીય નોંધણી કેન્દ્રનો IDNYC  વિભાગ (IDNYC Department of Finance Enrollment Centre) પર તમારે રૂબરૂ મળીને ચૂકવણી કરવી અને બદલી માટેની તમારી અરજી સબમિટ કરવી જરૂરી છે.

NYC
Eric Adams
મેયર